# અમદાવાદના એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૨૧) ની કોર્ટમાં.

**ફો.કેસ નં. ૭૪૭૦/૨૦૨૦**

<u>ફરીયાદી :</u> સરકારશ્રી

વિરૂઘ્ધ

<u>આરોપી :</u> કમલેશ રમાકાંત પટેલ

<u>:- : જજમેન્ટ :-:</u>

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:- આરોપીએ બનાવની તારીખે ગેરકાયદેસર રીતે કેફી પીણુ પદાર્થ પીધેલ હાલતમા વાહન ચલાવી મળી આવી <u>એમ.વી. એકટ ક. ૧૮૫</u> મુજબનો ગુનો આ અદાલતની હકુમતમા કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ ઉપરોકત હકીકતે ફરીયાદમાં જણાવ્યા મુજબ નો ગુનો કરેલ છે. તે ગુનો કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરુ છુ.

<u>:: હુકમ ::</u>

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે એમ.વી. એકટ ક. ૧૮૫ મુજબના ગુનાના ભંગ બદલ રૂા. ૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા ) દંડ કરવામા આવે છે. આરોપીની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749 લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી.જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદામાલ વાહન અંગે વચગાળાનો જો કોઈ હુકમ કરેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ કાયમી રાખવો અન્યથા આરોપીને યોગ્ય ઓળખ લઈ અપીલ સમય વિત્યા બાદ પરત સોંપી આપવો.

સ્પેશિયલ સીટીંગમાં હુકમ આજરોજ તા. ૧૧/૧૨/૨૧ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( બકુલભાઈ વિજયસિંહ વસાવા ) |
| તા.૧૧/૧૨/૨૦૨૧. | | એડીશ્નલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>(કોર્ટ નં.૨૧)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૧૧૨૭ |